सत्यमेव जयते

# "ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

આર.ડી. કમ્બોજ, ભાવસે (નિવૃત)
નિયામક

ક્રમાંક:ઈ.ઈ./એન.જી.સી/ટે.૧૨/બ- ૧૩૮૨-૯૬ ૨૦૧૯-૨૦ તા. ૧૭ / ૦૬ / ૨૦૧૯

દ્વારા ઇમેઇલ દ્વારા

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય : BISAG ની વંદે ગુજરાત ચેનલ પર ઇકો કલબ અંગેનો પ્રોગ્રામ પ્રસારિત થવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.) કાર્યક્રમ સમગ્ર ભારતમાં ચાલે છે. જેમાં ગુજરાત રાજ્ય માટે 'ગીર' ફાઉંડેશન નોડલ એજન્સી છે. આ કાર્યક્રમ હેઠળ શાળાઓમાં ઇકો કલબની સ્થાપના કરી પર્યાવરણ સંરક્ષણ અને લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે. ગુજરાતમાં હાલ ૭૮૦૦ થી વધુ શાળાઓમાં ઇકો કલબ કાર્યરત છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા આ કાર્યક્રમને પ્રાધાન્ય આપી વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં સને ૨૦૧૯-૨૦ દરમ્યાન ૧૨,૦૦૦ શાળાઓમાં ઇકો કલબ સ્થાપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને 'ગીર' ફાઉંડેશન દ્વારા નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.) કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપતા એક ખાસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઇકો કલબને લગતી બાબતોને આવરી લેવામાં આવશે. આ કાર્યક્રમનું પ્રસારણ BISAG (Bhaskarachary Institute For Space Application and Geoinformatics)ની વંદે ગુજરાત ચેનલ પર તા. ૨૦/૦૬/૨૦૧૯ ના રોજ સવારે ૮.૪૫ થી ૯.૧૫ દરમ્યાન થનાર છે. આપના તાબા હેઠળની તમામ શાળાઓ આ કાર્યક્રમનો લાભ લે તે માટે આપની કક્ષાએથી તમામ શાળાઓને જાણ કરવા વિનંતિ છે.

ક્રમાંક/૧૯૪૮૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૧૯-૬-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સરકારી, આ.શાળા
ઉ.મા. શાળાઓ તમામ.

Scanned by CamScanner